**આંક : ૭**

**નામદાર ઔદ્યોગિક અદાલત, નડીઆદના સભ્યશ્રી એ. એમ. શેખ સાહેબ સમક્ષ**

**રીવીઝન અરજી નંબર : ૦૫/૨૦૧૬**

**અરજદાર :** **મેનેજરશ્રી,**
મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ,
ટેક્ષટાઈલ્સ ડીવીઝન, કપડવંજ રોડ,
નડીયાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **રમેશભાઈ રૂપાભાઈ રાઠોડ**
રહે. કિશન સમોસાનો ખાંચો, પાર્થ ફ્લેટની પાછળ,
છાપરામાં, મુ. પો. નડીયાદ,
તા. નડીયાદ, જી. ખેડા.

**વિષય :** **ધી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ રીલેશન એક્ટ, ૧૯૪૬ ની કલમ-૮૫ અન્વયેની અરજી.**

**રજુઆત :** અરજદાર કામદાર તરફે **વિ. વકીલશ્રી બી. કે. ઓઝા.**
સામાવાળા કંપની તરફે **વિ. વકીલશ્રી પી. કે. પટેલ.**

## :: હુકમ ::

(૧) હાલના અરજદાર / મુળ સામાવાળાએ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ એક્ટ, ૧૯૪૬ ની કલમ-૮૫ હેઠળ મજુર અદાલત, નડીયાદ દ્વારા બી.આઈ.આર. પરચુરણ અરજી નંબર : ૦૧/૨૦૧૪ ના કામે આંક-૧૧ થી તારીખ : ૨૩/૦૬/૨૦૧૬ ના રોજ પસાર કરવામાં આવેલ રીસ્ટોરેશન અરજી રજીસ્ટરે લેવાનો હુકમ રદ કરવા હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે.

(૨) મુળ અરજીના કામે હાલના અરજદાર મુળ સામાવાળા હતાં અને હાલના સામાવાળા મુળ અરજદાર હતાં, જેથી હવે તેઓને સદર રીવીઝન અરજીના કામે મુળ અરજીમાં જે રીતે પક્ષકારોની સ્થિતી હતી તે રીતે જ સંબોધવામાં આવેલ છે.

(૩) મુળ અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં તારીખ : ૦૩/૧૦/૧૯૮૯ થી નોકરીમાં દાખલ થયેલા હતા અને વિવિધ ખાતામાં કાયમી બદલી, પીન બોય તરીકે નોકરીમાં હતાં. વધુમાં અરજદારે એવી રજુઆત કરેલ છે કે, તેઓને કોઈ પણ જાતના વ્યાજબી કારણ સિવાય તારીખ : ૦૧/૦૪/૧૯૯૯ થી અમલમાં આવે તે રીતે તારીખ : ૩૧/૦૩/૧૯૯૯ ના પત્રથી નોકરીમાંથી છુટા કરવાનો હુકમ કરવામાં આવેલ, તે હુકમ તેઓને તારીખ : ૨૧/૦૭/૧૯૯૯ સુધી કોઈ પણ કારણસર બજાવેલો નહીં. અરજદારને તે બાબતની જાણ તારીખ : ૨૦/૦૭/૧૯૯૯ ના રોજ થવાથી અરજદાર તારીખ : ૨૧/૦૭/૧૯૯૯ ના રોજ રાબેતા મુજબ સામાવાળા મીલમાં ગયેલા અને તેઓએ માંગણી કરી ત્યારે સામાવાળાએ છુટા કરવાનો હુકમ ઉપર તેઓની સહી લઈને બજાવેલ હતો. જેથી અરજદારે તારીખ : ૧૦/૦૮/૧૯૯૯ ના રોજ એપ્રોચ લેટર સામાવાળાને મોકલેલ, તે તારીખ : ૧૩/૦૮/૧૯૯૯ ના રોજ બજી ગયેલ હતો અને ત્યારબાદ અરજદારે ટી.અરજી નંબર : ૦૪/૧૯૯૯ ની દાખલ કરેલ હતી. સદર અરજી દાખલ કરેલ ત્યારે તેમાં અરજદારે પોતાનું સરનામું એ/૭, ગાયત્રી નગર, કોલેજ રોડ, મુ. નડીઆદ દર્શાવેલ હતું અને તે સરનામે રહેતા હતાં. વધુમાં ટી. અરજીના કેસમાં તેઓના વકીલશ્રી જે. કે. પ્રવાસી હતા અને તેઓએ અરજદારને જણાવેલ કે, તમારી જરૂર પડશે ત્યારે બોલાવીશું, જેથી અરજદાર નિશ્ચિત રહેલ હતા. અરજદાર અગાઉ જે સરનામે રહેતા હતા ત્યાં મકાન ભાડું નહી ભરી શકવાને કારણે ખાલી કરીને કિશન સમોસાના ખાંચામાં, પાર્થ ફ્લેટની પાછળ, છાપરામા રહેવા માટે ગયેલા હતા. તેથી તેઓના વકીલે પત્ર મોકલેલ હોઈ તો પણ તેઓને મળેલ નથી અને નામદાર કોર્ટે નોટીસ મોકલેલ હોય તો તે પણ મળેલ નથી. વધુમાં અરજદારે જણાવેલ છે કે, છેલ્લાં ઘણા સમયથી સામાજીક કારણસર તેમના દેશમાં ગયેલા હતા અને થોડા સમય પહેલા પરત આવેલા હતા અને તેઓએ તેમના કેસની કોર્ટમાં આવીને તપાસ કરતા જાણવા મળેલ

કે, તેમનો કેસ તેમની ગેરહાજરીના કારણે નામદાર કોર્ટે તારીખ : ૧૦/૦૨/૨૦૧૧ ના રોજ ફૈંસલ કરવાનો હુકમ કરેલો છે. પરંતુ તેઓને ફૈંસલ કરેલ હુકમની જાણ થયેલ નથી અને તેથી તેઓએ હુકમની સર્ટીફાઈડ નકલ મેળવવા તારીખ : ૨૫/૧૧/૨૦૧૩ ના રોજ અરજી આપેલ હતી. જેથી હુકમની નકલ તેઓને તારીખ : ૧૬/૦૧/૨૦૧૪ ના રોજ મળેલ છે. વધુમાં જણાવેલ છે કે, ટી. અરજી નંબર : ૦૪/૧૯૯૯ ફાઈલે કરી ફૈંસલ કરવાનો હુકમ તારીખ : ૧૦/૦૨/૨૦૧૧ ના રોજ થયેલ છે, તેથી તે તારીખથી ૩૦ દિવસમાં રીસ્ટોરેશન અરજી કરવી જોઈએ, પરંતુ તેઓને હુકમની નકલ મળેલ નથી અને વકીલશ્રીએ પણ જાણ કરેલ નથી તે સંજોગોમાં રીસ્ટોરેશન અરજી કરવામાં ૨ વર્ષ, ૧૦ માસ અને ૧૫ દિવસનો વિલંબ થયેલ હોવાનું જણાવેલ છે. વધુમાં હુકમની નકલ મળ્યાની તારીખ જોવામાં આવે તો તે તારીખથી ૩૦ દિવસની અંદર અરજી દાખલ કરેલ છે અને તેઓ કાયદાના અજ્ઞાન હોવાના કારણે તથા તેમના વકીલશ્રીએ કેસમાં હાજર રહેવા અંગે જાણ કરેલ નહી કે કેસ કોર્ટે કાઢી નાંખેલ છે તે બાબતે પણ કોઈ જાણ કરેલ નહી. જેથી રીસ્ટોરેશન અરજી કરવામાં વિલંબ થયેલ હોવાનું જણાવી વિલંબ માફ કરી રીસ્ટોરેશન અરજી દાખલ લેવા અરજ કરેલ છે.

(૪) મુળ અરજીના કામે મુળ સામાવાળાને નોટીસ કરતાં તેઓએ આંક-૬ થી પોતાનો જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારે ડીલે શા માટે થયેલ તે બાબતનું એક પણ વ્યાજબી કારણ જણાવેલ નથી અને માત્ર પોતાનું સરનામું અને ઘરનું રહેઠાણ બદલેલ હોવાનું જણાવેલ છે, પરંતુ અરજીમાં કયાંય સ્પષ્ટ રજુઆત કરેલ નથી કે અરજદારે કઈ તારીખથી જુના સરનામાવાળું ઘર બદલી નવા સરનામે રહેવા ગયેલ છે અને તે બાબતે પણ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી. અરજદાર મુળ કેસ દાખલ કર્યા તારીખથી તેમાં તારીખ : ૧૦/૦૨/૨૦૧૧ ના રોજ થયેલ હુકમ તારીખ સુધી એટલે કે લગભગ ૧૨ વર્ષ સુધી નામદાર કોર્ટમાં હાજર રહેલ નથી અને ત્યારબાદ પણ ૨ વર્ષ, ૧૦ માસ અને ૧૫ દિવસ પછી એટલે કે લગભગ ૩ વર્ષ પછી પરચુરણ અરજી દાખલ કરેલ છે. વધુમાં માત્ર વકીલશ્રીના કહેવા ઉપર પોતે નિશ્ચિંત થઈ ગયેલ તે કોઈપણ સંજોગોમાં માની શકાય તેવું વ્યાજબી કારણ નથી. એક તરફ અરજદાર અજ્ઞાન હોવાની રજુઆત કરે છે જયારે બીજી

તરફ ૧૫ વર્ષ સુધી તેમના કેસમાં શું કાર્યવાહી થઈ તેની કોઈ દરકાર કરેલી નથી. વધુમાં બી.આઈ.આર. એકટ–૧૯૪૬ ની કલમ–૧૧૮(બી)(૨) ની જોગવાઈ જોવામાં આવે તો જયારે એકતરફી હુકમ થયેલ હોઈ તો નારાજ થયેલ પક્ષકારે ૩૦ દિવસની અંદર તેવો હુકમ રદ કરવા માટે પરચુરણ અરજી દાખલ કરવાની ફરજીયાત જોગવાઈ કરવામાં આવેલ છે. જયારે આ કામના અરજદારે ૨ વર્ષ, ૧૦ માસ અને ૧૫ દિવસ બાદ પરચુરણ અરજી દાખલ કરેલ છે, જેથી અરજદારે વિલંબના પ્રત્યેક દિવસ અંગેનો વ્યાજબી ખુલાસો રજુ કરવો જોઈએ. અરજદારે માત્ર જે ઉડાઉ કારણ વિલંબ દરગુજર કરવા માટે રજુ કરેલ છે તે કોઈપણ સંજોગોમાં સામાન્ય વ્યકિત પણ માની શકે નહી, જેથી અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ લેબર કોર્ટના વિ. ન્યાયાધીશશ્રીએ રેકર્ડ ઉપરના પુરાવા અને બંને પક્ષકારોની દલીલો સાંભળી અરજદારની બી.આઈ.આર. પરચુરણ અરજી નંબર : ૦૧/૨૦૧૪ માં આંક–૧૧ થી રીસ્ટોરેશન અરજી રજીસ્ટરે લેવાનો હુકમ પસાર કરેલ, તે હુકમથી નારાજ થઈ અરજદારે હાલની રીવીઝન અરજી કરેલ છે.

(૬) અરજદાર તરફે વિ. વકીલશ્રી બી. કે. ઓઝા તથા સામાવાળા તરફે વિ. વકીલશ્રી પી. કે. પટેલની દલીલો સાંભળી. હાલની રીવીઝન અરજીના ન્યાયનિર્ણય અર્થે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: **<u>મુદ્દાઓ</u>** ::

૧. શું વિ. જજશ્રી, લેબર કોર્ટ, નડીયાદ નાઓએ બી.આઈ.આર. પરચુરણ અરજી નંબર : ૦૧/૨૦૧૪ ના કામે તારીખ : ૨૩/૦૬/૨૦૧૬ ના રોજ આંક–૧૧ થી વિલંબ દરગુજર કરવાનો કરેલ હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી હોઈ રદ થવાપાત્ર છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા તારણો હવે પછીથી ચર્ચા કરવામાં આવેલ કારણોના અંતે નીચે મુજબ છે.

:: **તારણો** ::

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

:: **કારણો** ::

(૮) **મુદ્દા નંબર (૧) અને (૨) :**

અરજદાર તરફે વિ. વકીલશ્રી બી. કે. ઓઝાની એવી રજુઆત છે કે, આ કામના સામાવાળાને અરજદાર મીલ્સ કંપનીએ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ મુજબ બિનઅધિકૃત રીતે સળંગ અને સતત તારીખ : ૦૧/૧૧/૧૯૯૮ થી તારીખ : ૨૫/૧૧/૧૯૯૮ સુધી સતત ૧૪ દિવસ કરતા વધુ સમય માટે ગેરહાજર રહેતા સામાવાળા કામદારને તારીખ : ૨૫/૧૧/૧૯૯૮ ના રોજ કારણદર્શક નોટીસ આપી, ખાતાકીય તપાસ હાથ ધરી, ખાતાકીય તપાસમાં સામાવાળા કામદારને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ વ્યાજબી અને પુરતી તકો આપવા છતાં તેઓ સતત ગેરહાજર રહેતાં તેઓને તારીખ : ૩૧/૦૩/૧૯૯૯ ના રોજ નોકરીમાંથી છુટા કરછવાનો હુકમ કરવામાં આવેલ. આ હુકમ વિરૂધ્ધ સામાવાળા કામદારે નામદાર મજુર અદાલત સમક્ષ ટી. અરજી નંબર : ૦૪/૧૯૯૯ દાખલ કરેલ, જે કેસમાં અરજદાર કેસ દાખલ કર્યા બાદ તારીખ : ૧૭/૦૯/૧૯૯૯ થી લઈ તારીખ : ૧૦/૦૨/૨૦૧૧ સુધી એટલે કે સતત ૧૨ વર્ષ સુધી નામદાર કોર્ટ સમક્ષ ગેરહાજર રહેતાં નામદાર અદાલતે સામાવાળા કામદારની ટી. અરજી નંબર : ૦૪/૧૯૯૯ ડીસમીસ કરવાનો હુકમ તારીખ : ૧૦/૦૨/૨૦૧૧ ના રોજ પસાર કરેલ. ત્યારબાદ મજુર અદાલત સમક્ષ સામાવાળા કામદારે બી.આઈ.આર. ડીલે પરચુરણ અરજી નંબર : ૦૧/૨૦૧૪ તારીખ : ૨૮/૦૧/૨૦૧૪ ના રોજ દાખલ કરેલ. સદર ડીલે પરચુરણ અરજી સાથે સામાવાળા કામદારે ઢીલ દરગુજર કરવાની અરજી રજુ કરેલ, જેમાં દર્શાવ્યા મુજબ પરચુરણ અરજી દાખલ કરવામાં ૨ વર્ષ ૧૦ માસ અને ૧૫ દિવસની ઢીલ થયેલ. ઉપરાંત સામાવાળા કામદારે ઢીલ અંગેના કારણોમાં દર્શાવેલ કે, ''સામાવાળા કામદારે હુકમની સર્ટીફાઈડ નકલ કઢાવવા તારીખ : ૨૫/૧૧/૨૦૧૩ ના રોજ અરજી આપેલ, જેથી હુકમની નકલ સામાવાળા કામદારને તારીખ : ૧૬/૦૧/૨૦૧૪ ના રોજ

મળેલ. ત્યારબાદ અરજદારે બી. આઈ.આર. ડીલે પરચુરણ અરજી નંબર : ૦૧/૨૦૧૪ દાખલ કરેલ.'' નામદાર મજુર અદાલત, નડીયાદે સદર અરજી તારીખ : ૨૩/૦૬/૨૦૧૬ ના રોજ આંક-૧૧ હેઠળ હુકમ કરી બી. આઈ.આર. એકટ, ૧૯૪૬ ની જોગવાઈઓ વિરૂધ્ધ સામાવાળા કામદારની ૨ વર્ષ ૧૦ માસ અને ૧૫ દિવસની ઢીલ દરગુજર કરવાનો હુકમ કરેલ છે તે હુકમથી નારાજ થઈ આ રીવીઝન અરજી દાખલ કરેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, નામદાર મજુર અદાલતે સામાવાળા કામદારની ઢીલ દરગુજર કરવા અંગેના જે તારણો આપેલ છે તે તારણમાં સામાવાળા કામદારને તેઓના હુકમની જાણ થતાં તેઓએ તારીખ : ૨૫/૧૧/૨૦૧૩ ના રોજ સર્ટીફાઈડ નકલ મેળવવા માટે અરજી આપેલ હતી અને નકલ તેઓને તારીખ : ૧૬/૦૧/૨૦૧૪ ના રોજ મળેલ. સામાવાળા કામદારે વિલંબ અરજી અને તેની સાથેની રીસ્ટોરેશન અરજી તારીખ : ૨૮/૦૧/૨૦૧૪ ના રોજ દાખલ કરેલ તે સંજોગોમાં તેઓને હુકમની નકલ મળ્યાના ૩૦ દિવસની અંદર રીસ્ટોરેશન અરજી દાખલ કરેલ છે ત્યારે વિલંબ થયેલ હોવાનું કહી શકાય તેમ નથી. આમ, જયારે વિલંબ થયાનો પ્રશ્ન રહેતો ના હોય ત્યારે માફ કરવાની અરજી રજુ કરવાની કોઈ જરૂરીયાત નથી. જે હુકમ બી. આઈ. આર. એકટ, ૧૯૪૬ ની કલમ-૧૧૮(બી) ની જોગવાઈઓ વિરૂધ્ધ તેમજ નામદાર વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતે આ જ મુદ્દા ઉપર આપેલ અનેક ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો વિરૂધ્ધનો હોઈ સદર હુકમ પ્રથમદર્શનીય ગેરકાયદેસર હોઈ રદ થવાપાત્ર છે. તેઓની વધુમાં એવી રજુઆત છે કે, નામદાર મજુર અદાલતે બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ ની કલમ-૧૧૮(બી) ની જોગવાઈઓનો હાર્દ સમજયા વગર જે હુકમ પસાર કરેલ છે તે જોતાં ભવિષ્યમાં કોઈપણ પક્ષકાર કોઈપણ સમયે માત્ર સર્ટીફાઈડ અરજી મેળવવાની અરજી કરી ૩૦ દિવસની અંદર પરચુરણ અરજી દાખલ કરે અને જો આવી અરજી માન્ય રાખવામાં આવે તો બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ ની કલમ-૧૧૮(બી) નું હાર્દ નાશ પામે છે તેવા સંજોગોમાં નામદાર મજુર અદાલતનો હુકમ રદ થવાપાત્ર છે. તેથી નામદાર મજુર અદાલતનો હુકમ રદ કરવો જોઈએ અને અરજદારની રીવીઝન અરજી મંજુર કરવી જોઈએ.

(૯) સામાવાળા તરફે વિ. વકીલશ્રી પી. કે. પટેલની એવી રજુઆત છે કે, નામદાર મજુર અદાલતે જે હુકમ કરેલ છે તે હુકમ યોગ્ય અને કાયદેસરનો હોઈ સદરહું હુકમમાં હસ્તક્ષેપ કરવાપાત્ર નથી. વધુમાં તેઓની એવી રજુઆત છે કે, જી.આઈ.આર. એકટની કલમ–૮૫ મુજબ રીવીઝન કોર્ટની સત્તા ખૂબ જ મર્યાદીત છે. તેઓ જો મજુર અદાલત પોતાની હકુમત બહાર જઈ હુકમ કરેલ હોય અથવા તેમને હકુમત હોવા છતાં સદરહું હકુમતનો ઉપયોગ કરેલ ના હોય તેવા સંજોગોમાં જ હુકમમાં હસ્તક્ષેપ કરવાના પાવર છે એટલે કે ખૂબ જ સિમીત પાવર રીવીઝન કોર્ટને મળે છે. આ સંજોગોને લક્ષમાં લઈ મજુર અદાલતે જે હુકમ કરેલ છે તે હુકમ તેવી હકુમત મુજબ હોઈ સદરહું હુકમમાં હસ્તક્ષેપ કરવાપાત્ર નથી. જેથી અરજદારની રીવીઝન અરજી નામંજુર કરવી જોઈએ. મજુર અદાલતે ટી. અરજી નંબર : ૦૪/૧૯૯૯ ના કામે બી.આઈ.આર. અરજી નંબર : ૦૧/૨૦૧૪ ના કામે આંક–૧૧ થી તારીખ : ૨૩/૦૬/૨૦૧૬ ના રોજ કરેલ હુકમ કાયમ કરવો જોઈએ.

(૧૦) બંને પક્ષકાર તરફે વિ. વકીલશ્રીઓની દલીલો લક્ષમાં લીધી. મજુર અદાલત નડીયાદ નાઓએ બી.આઈ.આર. અરજી નંબર : ૦૧/૨૦૧૪ ના કામે કરેલ હુકમ વંચાણે લીધો. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અને પ્રોસિડીંગ્સ વંચાણે લીધું. નામદાર ગુજરાત હાઈકોર્ટે સૌરાષ્ટ્ર મઝદુર મહજન સંઘ વિરૂધ્ધ ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ લીમીટેડ અને બીજાનો ચુકાદો જે ૧૯૯૫(૧) જી.એલ.આર. ૫૮૦ ઉપર પ્રસિધ્ધ થયેલ છે, સદર ચુકાદાના પેરા (૧૧), (૧૫) અને (૧૬) માં નીચે મુજબ ઠરાવેલ છે.

***11.*** *In order to decide the aforesaid controversy, let us examine certain provisions of the Act. The Labour Court has power to decide certain disputes which have been mentioned in Sec. 78 of the Act. Against cetain decisions that may be made by the Labour Court appeal is provided under Sec. 84. It is an undisputed position that against interim order passed under Sec. 119D of the Act appeal dies not lie to Industrial Court as provided under Sec. 84. Section 119D confers power on Labour Court to pass interim orders as it may consider just and proper. Section 85 of the Act provides that Industrial Court shall have superintendence over Labour Courts. Since the controversy is with regard to the scope of the powers of the Industrial Court under Sec. 85 of the Act, it would be proper to reproduce the section itself. Section 85 of the Act reads as follows :*

*"85. (1) The Industrial Court shall have superintendence over all Labour Courts and may-*

*(a) call for returns;*

*(b) make and issue general rules and prescribe forms for regulating the practice and procedure of such Courts in matters not expressly provided for by this Act, and in particular, for securing the expeditious disposal of cases;*

*(c) prescribe forms in which books, entries and accounts shall be kept by the officers of any such Courts;*

*(d) settle a table of fees payable for process issued by a Labour Court or the Industrial Court.*

*(2) The Industrial Court may, by order in writing and for reasons to be stated therein withdraw any proceeding under this Act pending before a Labourt Court and transfer it for disposal to another Labour Court which may, subject to any special directions in the order of trasfer, proceed in the matter either de novo or from the stage at which it is so trasferred."*

*If one compares the provisions of Art. 227 of the Constitution of India with the language of Sec. 85 of the Act, it becomes clear that the powers of superintendence conferred upon Industrial Court are similar to the powers of superintendence conferred upon High Court under Art. 227 of the Constitution of India. The difference is that the powers of superintendence of High Court are in relation to all Courts and Tribunals throughout the territory in relation to which it exercises jurisdiction, while the powers of superintendence of Industrial Court are in relation to "all Labour Courts".*

***15.*** *Here reference may be made to decision the Supreme Court in the case of Mohd. Yunus v. Mohd. Mustaqim, reported in AIR 1984 SC 38. In para 6 and 7 of the decision the Hon'ble Supreme Court has observed that mere wrong decision without anything more is not enough to attract jurisdiction of the High Court under Art. 227. Supervisory jurisdiction conferred upon the High Court under Art. 227 of the Constitution is limited to "seeing that the inferior Court or Tribunal functions within the limits of its authority" and not to correct error apparent on the face of the record, much less error of law. The Hon'ble Supreme Court further observed that in the case before it (1) there was no error of law, much less an error apparent on the face of the record; (2) there was no failure on the part of the learned Subordinate Judge to exercise jurisdiction; (3) nor did he (learned Subordinate Judge) act in disregard of the principles of natural justice; (4) nor was the procedure adopted by him not in consonance with the procedure established by law. Thereafter the Hon'ble Supreme Court in para 7 of the judgment has observed :*

*"In exercising supervisory power under Art. 227 High Court does not act as appellate Court or tribunal. It will not review or reweigh the evidence*

*upon which determination of the inferior Court or tribunal purports to be based or to correct errors of law in the decision."*

***16.*** *The aforesaid decision of the Hon'ble Supreme Court indicate the scope of the powers of the High Court in exercise of powers under Art. 227 of the Constitution of India. In view of the identical language of Sec. 85 of the Act, the scope of revisional power of Industrial Court will be the same as that of the High Court, under Art. 227 of the Constitution of India. Apart from other aspects one thing is very clear that it is not open to the authority conferred with power of superintendence analagous to the powers under Art. 227 of the Constitution of India, to reweigh or reappreciate evidence and or to prefer another view if another view is preferable or plausible. From the parameters of the powers laid down by the Hon'ble Supreme Court let us examine the question as to whether the Industrial Court has exceeded its jurisdiction under Sec. 85 of the Act or not.*

**(૧૧)** ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો લક્ષમાં લેતાં રીવીઝનલ કોર્ટને પુરાવાનું મુલ્યાંકન કે પુન: મુલ્યાંકન કરવાનો અધિકાર નથી. જો મજુર અદાલતનો વ્યુ પોસિબલ જણાતો હોય તો તેની જગ્યાએ રીવીઝનલ કોર્ટ પોતાનો વ્યુ રજુ કરી શકે નહીં. તેથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે રીવીઝનલ કોર્ટને લેબર કોર્ટના હુકમ સામે ખૂબ જ મર્યાદીત સત્તાઓ આપવામાં આવેલ છે અને મજુર અદાલતના વ્યુ કરતાં ઔદ્યોગિક અદાલતનો વ્યુ જુદો હોય તો પણ તે મજુર અદાલતનો વ્યુ પોસિબલ હોવા છતાં પોતાનો વ્યુ મુકી શકે નહીં. મજુર અદાલત, નડીયાદનાઓએ બી.આઈ.આર. પરચુરણ અરજી નંબર : ૦૧/૨૦૧૪ ના કામે આંક–૧૧ થી કરેલ હુકમના પેરા (૭) માં નીચે મુજબ જણાવેલ છે.

*(૭) આ તબકકે કલમ–૧૧૮(બી)(૨) ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી બને છે. તે જોગવાઈ મુજબ જયારે કોઈ એવોર્ડ, હુકમ કે નિર્ણય પેટા કલમ–૧ મુજબ એકતરફી રીતે કરવામાં આવેલ હોઈ ત્યારે અસરકરતા પક્ષકાર તે હુકમની નકલ મળ્યાના ૩૦ દિવસમાં કોર્ટ સમક્ષ તેવો હુકમને રદ કરવાની અરજી કરી શકશે અને જો કોર્ટને તેવો અસરકરતા પક્ષકાર હાજર નહી રહેવા માટેના જણાવેલ પુરતા કારણોથી સંતોષ થાય તો કોર્ટ તેવો એક તરફી હુકમ રદ કરી કેસ ચલાવવા માટેની તારીખ નકકી કરી શકશે. વધુમાં તેવો હુકમ સામાપક્ષકારને નોટીસ બજી ગયા વગર થઈ શકશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આમ ઉપરોકત જોગવાઈ જોવામાં આવે તો એક તરફી હુકમ રદ કરવાની માટેની અરજીનું કારણ*

*તેવા હુકમની નકલ મળ્યાના ૩૦ દિવસમાં ઉત્પન્ન થાય છે. આ કેસમાં અરજદારનું કથન જોવામાં આવે તો તેઓને હુકમની જાણ થતા તેઓએ તા.૨૫/૧૧/૨૦૧૩ ના રોજ સર્ટીફાઈડ નકલ માટે અરજી આપેલ હતી અને તે નકલ તેઓને તા.૧૬/૧/૨૦૧૪ ના રોજ મળેલ છે. અરજદારે હાલની વિલંબની અરજી તથા તેની સાથેની રીસ્ટોરેશનની અરજી તા.૨૮/૧/૨૦૧૪ ના રોજ દાખલ કરેલ છે. તે સંજોગોમાં તેઓને હુકમની નકલ મળ્યાના ૩૦ દિવસની અંદર રીસ્ટોરેશન અરજી કરેલ છે. વધુમાં મુળ રેકર્ડ જોવામાં આવે તો તે કામમાં આંક-૯ ના હુકમની બજવણી અરજદારને તેઓ જે સરનામે રહેતા હતા તે સરનામે કરવા જતા બેલીફશ્રીના શેરા મુજબ અરજદાર મકાન ખાલી કરી બીજે રહેવા ગયેલ હોઈ જેથી સદર હુકમની બજવણી કરેલ નથી. આમ અરજદારને અગાઉ હુકમની જાણ થયેલ હોઈ કે તેની નકલ મળેલ હોઈ તેવું રેકર્ડ ઉપરથી જણાય આવતું નથી. તે સંજોગોમાં અરજદારને જે તારીખે હુકમની નકલ મળેલ છે તે તારીખથી ૩૦ દિવસમાં અરજી કરેલ હોય ત્યારે વિલંબ થયેલ હોવાનું કહી શકાય તેમ નથી આમ જયારે વિલંબ થયાનો પ્રશ્ન જ રહેતો ન હોઈ ત્યારે વિલંબ માફ કરવાની અરજી રજુ કરવાની જ કોઈ જરૂરીયાત રહેતી નથી. જયાં સુધી અરજદારે હાલની અરજીમાં જે કારણો જણાવેલ છે અને સામાવાળાએ તેનો પ્રતિકાર કરેલ છે તે કારણો સંતોષકારક છે કે કેમ અને અત્રેની કોર્ટને યોગ્ય જણાય છે કે કેમ તેની ચર્ચા રીસ્ટોરેશનની અરજીનો ન્યાયનિર્ણય કરતી વખતે કરવાની થાય છે. તે સંજોગોમાં આ તબકકે તેની ગુણ-દોષ કોઈ ચર્ચા કરવામાં આવતી નથી. આમ ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા મુજબ અરજદાર જે એકતરફી હુકમ રદ કરાવવા માટે આવેલ છે તે હુકમની નકલ અરજદારને મળ્યા તારીખથી રીસ્ટોરેશન દિન-૩૦ માં અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરેલ હોઈ જેથી તે એકમાત્ર કારણસર જ અરજી રજીસ્ટરે લેવાનું ન્યાયોચિત જણાય છે અને તે સંજોગોમાં મુદ્દા નં.(૧) નો જવાબ ''હકાર''માં આપવામાં આવેલો છે અને મુદ્દા નં.(૨) અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.*

*: <u>હુકમ</u> :*

*અરજદારની હાલની આંક–૧ ની અરજી મંજુર કરવામાં આવે છે.*

*વધુમાં હાલની અરજી સાથે રજુ કરેલ રીસ્ટોરેશન અરજીમાં કોઈ વિલંબ થયેલ ન હોઈ તે સંજોગોમાં રીસ્ટોરેશન અરજી રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં રીસ્ટોરેશનની અરજીના ન્યાય નિર્ણય માટે બંને પક્ષોને અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવા માટેની મુદૃત તા.૧૧/૦૮/૨૦૧૬ ના રોજની નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.*

*હુકમ આજ રોજ તારીખ–૨૩મી, માહે–જુન, સને–૨૦૧૬ ના રોજ ખુલ્લાં ન્યાયાલયમાં વાંચી–સંભાળવી મારી સહી કરી જાહેર કર્યો.*

(૧૨) ઉપરોકત હુકમ વંચાણે લેતાં અરજદારે ટી. અરજી નંબર : ૦૪/૧૯૯૯ દાખલ કરેલ તે વખતે જે સરનામું અરજદારે અરજીમાં દર્શાવેલ તે સરનામાવાળી જગ્યા ભાડું ના ભરવાના કારણે અરજદારે ખાલી કરેલ અને બીજે રહેવા જતાં રહેલ. અરજદારે સદર ટી. અરજીના કામે જે વકીલશ્રીને એન્ગેજ કરેલ તે અરજદારને કોર્ટમાં હાજર રહેવા માટે કોઈ જાણ કરેલ નહીં. અરજદારની ટી. અરજી તેઓની ગેરહાજરીના કારણે રદ થયેલ તે હુકમની બજવણી બેલીફ મારફતે અરજીમાં જણાવેલ સરનામે કરવા જતાં અરજદાર તે સરનામે મળી આવેલ નહીં અને બીજે રહેવા જતાં રહેલ તેવા શેરા સાથે સદર હુકમ મજુંર અદાલતને પરત થયેલ. આ હકીકતો લક્ષમાં લઈ પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી નડીયાદનાઓએ અરજદારને હુકમની જાણ થઈ ત્યારથી ૩૦ દિવસમાં અરજી કરેલ છે તેવું તારણ આપેલ છે તે તારણ બી.આઈ.આર. એકટની કલમ–૧૮(બી)(૨) ની જોગવાઈઓ લક્ષમાં લઈને આપેલ છે. અરજદારને હુકમની જાણ થઈ અને તેઓએ સર્ટીફાઈડ નકલ મેળવવાની અરજી કરી અને વિલંબ માફ કરવાની અરજી કરી તે હકીકતો લક્ષમાં લઈ સદર અરજી મંજુર કરવામાં આવેલ છે અને રીવીઝન અરજીના અરજદારે સદરહું અરજીના કામે જે ૧૨ વર્ષ સુધી અરજદાર ગેરહાજર હતાં તેની ચર્ચા રીસ્ટોરેશન અરજી નકકી કરતી વખતે કરવાની રહે છે. આ તબકકે તેની ચર્ચા કરવા તેઓને ઉચિત જણાયેલ નથી. ટી. અરજી નંબર : ૦૧/૧૯૯૯ રીસ્ટોર કરવી કે કેમ ? તે પેન્ડીંગ હોઈ અને મજુર અદાલતે સદરહું દલીલ અંગે

પોતાનું કોઈ ફાઈન્ડીંગ આપેલ ના હોઈ આ ટ્રીબ્યુનલ પણ એવું મંતવ્ય ધરાવે છે કે આ બાબતે ચર્ચા કરવામાં આવે તો પક્ષકારોને રીસ્ટોરેશન અરજીમાં પૂર્વગ્રહ થાય તેવી શકયતાઓ રહેલ છે. આમ. મજુર અદાલતે અરજદારની વિલંબ અરજીમાં જે હુકમ કરેલ છે તે હુકમ યોગ્ય અને વ્યાજબી હોઈ સદરહું હુકમમાં હસ્તક્ષેપ કરવાનો મુનાસીબ માનતો નથી. જેથી મુદ્દા નંબર (૧) નો નિર્ણય ''**નકારમાં**'' ઠરાવી મુદ્દા નંબર (૨) પરત્વે આખરી હુકમ નીચે મુજબ પસાર કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) રીવીઝન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) મજુર અદાલત, નડીયાદ નાઓએ બી.આઈ.આર. પરચુરણ અરજી નંબર : ૦૧/૨૦૧૪ ના કામે આંક–૧૧ થી તારીખ : ૨૩/૦૬/૨૦૧૬ ના રોજ કરેલ હુકમ કાયમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

(૪) મુળ કેસનું અસલ રેકર્ડ મજુર અદાલત, નડીયાદને પરત કરવા અધિક્ષક, ઔદ્યોગિક અદાલતને હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **૨૩ મી નવેમ્બર, સને : ૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(અલીહુસેન મોહીબુલ્લાહ શેખ)**
**સભ્ય**
**ઔદ્યોગિક અદાલત, નડીયાદ.**
**જી.જે.૦૦૫૨૧**

**તારીખ : ૨૩/૧૧/૨૦૨૧**
**નડીયાદ.**

**//RRP//**